# કરાર આધારીત કાયદા સલાહકારની નિમણૂક માટેની જાહેરાત

મહેસાણા જિલ્લામાં જમીન મહેસુલ તથા નાણાંકીય દાવાઓમાં સક્ષમ અધિકારીના નિર્ણયથી નારાજ થનાર પક્ષકારો દ્વારા કોર્ટમાં દાખલ થતાં દાવામાં સબળ રજુઆત તથા સરકારશ્રીનું હિત જળવાઇ રહે તે માટે રજુઆત કરવા રૂ. ૬૦,૦૦૦/-ના ફીક્સ પગારથી ૧૧ માસની મુદત માટે કરાર આધારીત કાયદા સલાહકારની ૧(એક) જગ્યા ઉપર ઠરાવેલ બોલીઓ અને શરતો મુજબ નિમણૂક કરવા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

અરજદારની ઉંમર તા. ૦૧/૦૬/૨૦૨૫ના રોજ ૫૦(પચાસ) વર્ષથી વધુ હોવી જોઇએ નહીં. આ અંગેના અરજીપત્રકનો નમુનો, લાયકાત, અનુભવ અંગે મહેસુલ વિભાગના તા. ૬/૩/૨૦૧૨ના ઠરાવથી નકકી કરેલ પરિશિષ્ટ-૩ તથા અન્ય આનુષાંગિક માહિતી પરિશિષ્ટ-૧ તથા ૨ મહેકમ શાખા, જિલ્લા કલેકટર કચેરી, મહેસાણા ખાતેથી ચાલુ કામકાજના દિવસોએ તા. ૧૯/૦૪/૨૦૨૫ સુધી સવારના ૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાક દરમ્યાન રૂ. ૧૦૦/- (નોન રીફંડેબલ) "૦૦૭૫ પરચુરણ સામાન્ય સેવા" સદરે ચલણથી જમા કરાવી અસલ ચલણ રજુ કર્યેથી મેળવી શકાશે.

અરજી ફોર્મ રજી.પો.એડી. દ્વારા અત્રેની કચેરીએ તા. ૩૦/૦૪/૨૦૨૫ના ૧૫-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

અનુભવ તથા લાયકાત માટે પરિશિષ્ટ-૩ની જોગવાઇ લક્ષમાં લેવાની રહેશે. કરાર આધારિત નિમણૂક પામેલ કાયદા અધિકારીશ્રીએ પરિશિષ્ટ-૧ તથા ૨ ની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે તથા મહેસાણા જિલ્લાને લગતી કામગીરી કરવાની રહેશે.

અધુરી વિગતવાળી તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહીં.

સંબંધિત ઉમેદવારોને જયારે બોલાવવામાં આવે ત્યારે સ્વખર્ચે તમામ અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે.

Sd/-

તારીખ : ૦૯/૦૪/૨૦૨૫
સ્થળ : મહેસાણા

(એસ. કે. પ્રજાપતિ) IAS
કલેકટર મહેસાણા

ક્રમાંક:નામાનિ/મહે/૨૪/૨૦૨૫-૨૬